**<u>અમદાવાદ(ગ્રામ્ય)ના મે. નવમાં એડી. સિનિ. સિવિલ જજ તથા એ.સી.જે.એમ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. નવરંગપુરા, અમદાવાદ.</u>**

**<u>ફોજદારી કેસ નં.૩૨૩૪૧/૨૦૨૬</u>**

ફરિયાદીઃ શ્રી સરકાર

વિરૂદ્ધ

આરોપીઃ મુસ્તાકભાઇ બચુભાઇ મીર

<u>ગુન્હોઃ બી.એન.એસ.ની કલમ ૨૮૧ તથા એમ.વી.એક્ટની કલમ ૧૭૭, ૧૮૪ મુજબ</u>

**:: ચુકાદો ::**

(૧) આ કામના આરોપીએ ચાર્જશીટમાં આક્ષેપાયેલ ગુન્હો કરી બી.એન.એસ.ની કલમ ૨૮૧ તથા એમ.વી.એક્ટની કલમ ૧૭૭, ૧૮૪ મુજબનો ગુન્હો કરેલ છે.

(૨) ઉપરોક્ત ફરિયાદના કામે ફરિયાદ નોંધતા તપાસ કરનાર અમલદારે આગળની તપાસ હાથ ધરેલ તપાસના અંતે આરોપી સામે ગુન્હો બનતા હોવાનો પુરતો પુરાવો મળતાં આરોપી સામે અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૩) આરોપીને સમન્સ બજતાં તેઓ અદાલત સમક્ષ હાજર થતાં બી.એન.એસ.એસ. ની કલમ ૨૩૦ અન્વયે પોલીસ તપાસની નકલો વિના મુલ્યે મળ્યાની ખાતરી કરેલ છે. આજરોજ સ્પેશિયલ સિટીંગમાં આરોપી હાજર હોય, આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ પોતાના ગુન્હાની કબુલાત સ્વેચ્છાએ કરેલ છે અને ગુન્હો કબુલ છે તેમ જણાવેલ છે. વધુમાં, આરોપીએ પોતાના ગુન્હાની કબુલાત પુરસીસ રજુ કરેલ છે. જેથી આરોપીને તકસીરવાન ઠરાવીને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા માટે પોતે પૂરતા અને વ્યાજબી કારણ હોવાનું જણાવે છે. આરોપી ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા છતાં અને સમજવા છતાં પણ સ્વૈચ્છિક રીતે ગુન્હો કબુલ કરતા હોઈ, કબુલાત પુરસીસ અને પ્લી રેકર્ડ કરવામાં આવે છે.

(૪) આરોપીની ગુન્હાની કબુલાતને ન માનવાનું કોઈ કારણ નથી અને તેણે દયાની માંગણી કરેલ છે. આરોપી કાયદાથી અજાણ છે અને આ તેઓનો પ્રથમ ગુનો છે અને આવો ગુનો ફરી નહી કરવાની ખાતરી આપે છે તથા પોતાની ભૂલ

સુધારવા માંગતા હોવાનું જણાવે છે. વધુમાં, મજુરી કરી કુટુંબનું ભરણપોષણ કરીએ છે. તથા તેઓના ભરણપોષણની જવાબદારી અમારે શીરે છે. જો અમો આરોપીને જેલમાં મુકવામાં આવે તો અમારા કુટુંબને ભૂખે મરવાનો વારો આવે તેમ હોય, જેલમાં ન મુક્તા દંડ કરવા અરજ ગુજારેલ છે. જેથી દયા ગુજારવા વિનંતી કરેલ છે. ફરિયાદ પક્ષ તરફથી એવું કોઈ રેકર્ડ રજુ થયેલ નથી કે, આરોપીએ અગાઉ કોઈ ગુન્હો કરેલ હોય, જેથી આરોપીનો પ્રથમ ગુનો હોવાનું જણાય છે.

(૫) આવા સંજોગોમાં આરોપીની સામેનું તહોમત અને સજાની જોગવાઈ તેમજ આરોપીની કબુલાત પુરસીસ અને તેઓની મૌખિક રજૂઆત ધ્યાને લેતાં, આરોપીની વિરૂદ્ધ આ પ્રથમ પ્રકારનો ગુન્હો હોય સદર કેસમાં આરોપીને બી.એન.એસ.ની કલમ ૨૮૧ તથા એમ.વી.એક્ટની કલમ ૧૭૭, ૧૮૪ અન્વયે તકસીરવાન ઠેરવી ઓછામાં ઓછી સજા કરવી તે હું ન્યાયી અને ઉચિત માનું છું. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: <u>હુકમ</u> ::–**

આ કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ ૨૭૮ મુજબ બી.એન.એસ. ની કલમ ૨૮૧ તથા એમ.વી.એક્ટની કલમ ૧૭૭, ૧૮૪ હેઠળના શિક્ષાપાત્ર ગુન્હાના તહોમતમાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂ. ૫૦૦/–(અંકે રૂપિયા પાંચસો પુરા) દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન– ૧ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ ૧૧મી, માહે–જુલાઇ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| તારીખ.૧૧/૦૭/૨૦૨૬<br>સ્થળ.અમદાવાદ | **(કેતનકુમાર અશોકભાઇ ડાભી)**<br>નવમાં એડિ.ચીફ જ્યુડિ.મેજિ.,<br>અમદાવાદ(ગ્રામ્ય)<br>U.I.Code GJ-01289 |